# મુંબઇ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી જૂન ૨૦૧૯ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

## CLASSIFIED RATE CARD
## DAILY & WEEKLY

**IMPORTANT:- All advertisements are accepted at the undernoted rates and on conditions noted as under**

| | | |
|---|---|---|
| In English & Gujarati | Rs. 150 Minimum (Min. 10 Words) (Max. 100 Words) | Rs. 15.00 per word |
| Full Bold Ad | Rs. 200 Minimum | Rs. 20.00 per word |
| Sub Heading (Bold) | (Max. 4 Words) | Rs. 20.00 per word |
| Classified Display | (Min. 21 Sq. cm.) | Rs. 200 Sq. cm. |
| Classified Display | (Min 21 Sq.cm.) | Rs. 300 Sq. cm. Colour |

*Classic Bonanza Schemes for Classified & Classified Display For The Period 1st May 2019 to 30th April 2020*

**SCHEMES ***

| Insertions | Time Duration |
|---|---|
| 4 | 30 days |
| 7 | 45 days |
| 15 | 75 days |
| 23 | 90 days |
| 39 | 165 days |
| 57 | 200 days |
| 83 | 230 days |
| 122 | 280 days |
| 180 | 385 days |
| 370 | 475 days |

* Conditions Apply

Note:-
- ★ There will be no cancellation & no refund for the Advt. client, same word & same Heading.
- ★ Classified Ads will be accepted on Mon, Wed, Thur from 10.30 A.M. to 4.00 P.M. & on Tue, Fri, Sat & Bank Holidays from 10.30 A.M. to 2.00 P.M.
- ★ The rates are subject to change as per discretion of the Management without prior notice.
- ★ Taxes as applicable from time to time will be charged extra.
- ★ The rates for schemes floated by the Company from time to time may differ from the above rates subject to discretion of the Management.


# ઓઈલ ટેન્કર અને પાઈપલાઈનની ભાંગફોડ

## વૈશ્વિક સપ્લાયને જબરદસ્ત અસર કરશે

*રિયાધ:* વિશ્વના ટોચના ક્રૂડ ઓઈલ નિકાસકાર સાઉદી અરેબિયાએ બુધવારે કહ્યું કે તેમના ટેન્કર અને પાઈપલાઈન પરના હુમલા દ્વારા વૈશ્વિક ઓઈલ પુરવઠા સુરક્ષાને નિશાન બનાવવામાં આવ્યું છે. રવિવારે સાઉદી અરેબિયાના બે ટેન્કર અને અન્ય બે દેશના બે ટેન્કર પર ડ્રોન હુમલો કરી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. મંગળવારે સાઉદી અરેબિયાની મુખ્ય પાઈપલાઈનના પંમ્પિગ સ્ટેશન પર ડ્રોન હુમલો કરી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

સાઉદી અરેબિયાના કીંગ સલમાને જેદ્દાહમાં પ્રધાનમંડળની બેઠક કરી પછી નિવેદન આપ્યું હતું કે 'ત્રાસવાદ અને ભાંગફોડના કૃત્યો ન કેવળ કીંગડમને પણ વૈશ્વિક ઓઈલ પુરવઠો સુરક્ષા અને વૈશ્વિક અર્થતંત્રને લક્ષ્ય બનાવવામાં આવી રહ્યું છે.' યુએઈના એક અધિકારીએ કહ્યું કે યુએઈ, સાઉદી અરેબિયા, અમેરિકા, ફ્રાન્સ અને નોર્વે ટેન્કર હુમલાની તપાસ ભેગા મળીને કરશે. સાઉદી અરેબિયા પ્રતિ દિન ૧૦ મિલ્યન બેરલ ક્રૂડ ઓઈલ ઉત્પાદન કરે છે. જેમાંથી પ્રતિ દિન ૭ મિલ્યન બેરલ નિકાસ કરે છે.

સાઉદી અરેબિયાના મોટાભાગના ટેન્કર 'સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ'માંથી પસાર થાય છે. ઈરાને આ જળમાર્ગ બંધ કરવા વારંવાર ચિમકી આપી છે.

દરમિયાન ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ બુધવારે કહ્યું કે ઈરાનનું ક્રૂડનું ઉત્પાદન ઘટીને પ્રતિ દિન ૨.૬ મિલ્યન બેરલ થયું છે, જે પાંચ વર્ષનું સૌથી ઓછું ઉત્પાદન છે. શિયા બહુમતી ધરાવતું ઈરાન સુન્ની બહુમતી ધરાવતા સાઉદી અરેબિયા આ બંને દેશ મિડલ ઈસ્ટમાં એકબીજાના હરીફ છે અને બંને વિરોધી વલણ અપનાવતા હોય છે. સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ ઈરાન બંધ કરી દે તો સાઉદી અરેબિયાની ઈસ્ટ- વેસ્ટ પાઈપલાઈન વૈકલ્પિક રુટ છે. આ પાઈપલાઈનને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ પાઈપલાઈન પાંચ મિલ્યન બેરલ ક્રૂડ પ્રતિ દિન વહન કરી શકે છે.



**રોબો સાથે સંવાદ** લંડનમાં યોજાયેલા બાર્બિકન પ્રદર્શન કેન્દ્રમાં એક મહિલાએ રોબો સાથે સુમધુર સંવાદ રચીને આત્મિયતા દર્શાવી હતી. (પીટીઆઈ ફોટો)

# માલ્યાને લંડનના ઘરની લોન ચૂકવવા એક વર્ષનો સમય મળ્યો

*લંડન :* ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યાએ પોતાના લંડનના ઘરની મોર્ગેજ લોન ચૂકવવા બૅંક પાસેથી સમય માગ્યો છે. કોર્નવોલ ટેરેસ એપાર્ટમેન્ટ માટે ૨૦૪ મિલ્યન પાઉન્ડની માલ્યાએ લોન લીધી હતી જે તે ભરી ન શકતા બૅંકે ઘરનું પઝેશન મેળવવા કેસ કર્યો હતો.

યુકે હાઇ કોર્ટના ચાન્સેરી ડિવિઝનના જજ સાઇમન બાર્કરે કહ્યું કે સેટલમેન્ટ થવાથી કેસ હટી ગયો છે. જજના આદેશમાં કહેવામાં આવ્યું છે કે ''બચાવ પક્ષ (માલ્યા)ને પ્રોપર્ટીમાં રહેવા દેવાશે અને ૩૦ એપ્રિલ ૨૦૨૦ સુધી લોન ભરપાઇ ન કરવામાં આવે તો દાવો કરનાર (યુબીએસ) તરત જ કબજો મેળવી શકશે.'

સ્વીટ્ઝરલેન્ડની બૅંક યૂબીએસે માલ્યાને મોટગેજ લોન આપી હતી.

# પાકની હવાઈસીમા ભારતીય ફ્લાઇટ્સ માટે 30મી મે સુધી બંધ રહેશે

*લાહોર:* પાકિસ્તાને ભારતીય ફ્લાઇટ્સ માટે પોતાની હવાઇસીમા ૩૦મી મે સુધી નહિ ખોલવાનો બુધવારે નિર્ણય લીધો હતો.

ભારતીય હવાઇદળે ૨૬મી ફેબ્રુઆરીએ પાકિસ્તાનના બાલાકોટમાંના ત્રાસવાદી સંગઠન જૈશે મહંમદની છાવણીઓ પર હુમલા કર્યો તે પછી પાકિસ્તાને પોતાની હવાઇસીમા ભારતીય વિમાનો માટે સંપૂર્ણ બંધ કરી દીધી હતી.

આમ છતાં, પાકિસ્તાને નવી દિલ્હી, બેંગકોક અને ક્વાલા લમ્પુર માટેની ફ્લાઇટ્સ સિવાયના ફ્લાઇટ્સ માટે પોતાની હવાઇસીમા ૨૭મી માર્ચે ખોલી હતી.

પાકિસ્તાનના એક ઉચ્ચ સરકારી અધિકારીએ સંબંધિત માહિતી આપતા જણાવ્યું હતું કે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલય અને મુલકી ઉડ્ડયન મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓની બુધવારે બેઠક મળી હતી અને તેમાં ભારતીય ફ્લાઇટ્સ પરના પ્રતિબંધને ૩૦મી મે સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો હતો.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાનની સરકાર હવે પોતાની હવાઇસીમામાંના ભારતીય ફ્લાઇટ્સ પરના પ્રતિબંધ અંગે ૩૦મી મેએ ફેરવિચારણા કરશે.

પાકિસ્તાનના વિજ્ઞાન અને ટેક્નૉલૉજી વિભાગના પ્રધાન ફાવદ ચૌધરીએ ચાલુ સપ્તાહના પ્રારંભમાં જણાવ્યું હતું કે અમારી સરકાર ભારતમાંની સામાન્ય ચૂંટણી પૂરી થવાની રાહ જોઇ રહી છે અને ત્યાં સુધી આ સ્થિતિ જેમ છે એમ રખાશે.

ભારતે પણ પાકિસ્તાની ફ્લાઇટ્સ પર આવો પ્રતિબંધ મૂક્યો હોવાથી પાકિસ્તાને બેંગકોક, ક્વાલા લમ્પુર ખાતેની પોતાની અનેક ફ્લાઇટ રદ કરી હતી. (એજન્સી)

# કૉંગ્રેસે ખડગેને મુખ્ય પ્રધાન કેમ ન બનાવ્યા?: કુમારસ્વામી

*બેંગલુરુ:* કર્ણાટકના મુખ્ય પ્રધાન એમડી કુમારસ્વામીએ બુધવારે કહ્યું કે કૉંગ્રેસના પીઢ નેતા મલ્લિકાર્જુન ખડગેને અન્યાય થયો છે અને તેમને વર્ષો અગાઉ મુખ્ય પ્રધાન બનાવવા જોઈતા હતા. ચિંચોલી વિધાનસભા બેઠક માટે થયેલી એક ચૂંટણીપ્રચાર સભામાં કુમારસ્વામીએ કહ્યું કે 'તેમને ઘણા સમય અગાઉ મુખ્ય પ્રધાન બનાવવા જોઈતા હતા. તેમને અન્યાય થયો છે. ખડગેએ જે કામગીરી (પક્ષ માટે) બજાવી છે તેને માટે તેમની કદર થઈ નથી.'

ભાજપના પીઢ નેતા યેદુયરપ્પાએ કાલબુર્ગીમાં બુધવારે કહ્યું કે 'કુમારસ્વામીએ આવતી કાલે જ રાજીનામું આપી ખડગેને મુખ્ય પ્રધાન બનાવવા જોઈએ.' ભાજપના વરિષ્ઠ ધારાસભ્ય બાસનગૌડા પાટીલ યતનાલે કહ્યું કે 'કુમારસ્વામીએ જો ખડગેને મુખ્ય પ્રધાન બનાવવા હોય તો તેમણે પોતાની જગ્યાનો ત્યાગ કરવો જોઈએ. આ (કુમારસ્વામીનું) એક નાટક છે.' તેમણે કહ્યું કે કૉંગ્રેસના ખડગે અને સિધ્ધરમૈયા વચ્ચે તિરાડ પાડી પોતાનું સ્થાન મજબૂત કરવાની કુમારસ્વામીની આ ચાલ છે.

# વરિષ્ઠ વકીલોની 'સિનિયર'ના હોદ્દાની અરજી માટે ભલામણના નિયમ પર હાઇ કોર્ટનો સ્ટે

*નવી દિલ્હી:* 'વરિષ્ઠ'નો હોદ્દો મેળવવા ઇચ્છતા વકીલો જો તેઓ લાયકાતના માપદંડ પૂરા કરતા હશે તો તેમને બારના વરિષ્ઠ વકીલો પાસેથી ભલામણની જરૂર રહેશે નહીં, કારણ કે દિલ્હી હાઇ કોર્ટે બુધવારે અગાઉના નિયમ પર સ્ટે મૂક્યો હતો. મુખ્ય ન્યાયાધીશ રાજેન્દ્ર મેનન અને ન્યાયાધીશ એ. જે. ભંભાનીની બેન્ચે ત્રણ વરિષ્ઠ વકીલની પેનલની ભલામણની ફરજ પાડવાના નિયમને ફરીથી ધ્યાનમાં લેવા માટે સંપૂર્ણ અદાલત સમક્ષ આ મામલાને મૂકવાનો આદેશ આપ્યો હતો. બેન્ચે હાઇ કોર્ટ રજિસ્ટ્રીને અગાઉના નિયમ પર રોક લગાવવા અંગેની તેમ જ સંપૂર્ણ અદાલત સમક્ષ તેની ફેરવિચારણા અંગેની જાહેર નોટિસ આપવા પણ આદેશ આપ્યો હતો. હાઇ કોર્ટના દિલ્હી ડેઝિગનેશન ઑફ સિનિયર એડ્વોકેટ રુલ્સ, ૨૦૧૮ મુજબ ૧૩ માર્ચના રોજ જણાવવામાં આવ્યું હતું કે હાઇ કોર્ટ દ્વારા 'વરિષ્ઠ' હોદ્દો મેળવવા ઇચ્છતા વકીલોની અરજી 'સ્યુઓ મોટો' કાર્યવાહી દ્વારા અથવા ત્રણ સિનિયર વકીલની સંયુક્ત ભલામણ દ્વારા જ સ્વીકારવામાં આવશે. વકીલ નંદિતા રાવ અને ફારુખ રશિદની એડ્વોકેટ રુચિ સિંહ દ્વારા ફાઇલ કરેલી અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે ત્રણ સિનિયર વકીલની ભલામણની પૂર્વશરત પોઇન્ટ સિસ્ટમ આધારિત નથી અને બંધારણની સત્તા બહારની છે. અરજકર્તા વકીલ વતી ઉપસ્થિત સિનિયર એડ્વોકેટ સિદ્ધાર્થ દવેએ જણાવ્યું હતું કે આ પૂર્વશરતને કારણે લાયકાત ધરાવતા વકીલોને અરજી કરવા પર પ્રતિબંધ આવી જશે. (પીટીઆઈ) ■

## બળાત્કાર કેસ:
# ધરપકડમાંથી રક્ષણ મેળવવા અરજી

*નવી દિલ્હી:* ઉત્તર પ્રદેશના ઘોસી લોકસભા મતદારક્ષેત્રના એસપી- બીએસપી ગઠબંધનના ઉમેદવારની બળાત્કારના કેસમાં ધરપકડમાંથી રક્ષણ મેળવવાની અરજીની સુપ્રીમ કોર્ટ ૧૭ મેના રોજ સુનાવણી કરશે. ન્યાયમૂર્તિ ઇન્દિરા બેનર્જી અને ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની વેકેશન બેન્ચમાં અરજકર્તા અતુલ રાયની અરજીની સુનાવણી હતી. અતુલ રાય પર વારાણસીની કૉલેજ વિદ્યાર્થિની પર બળાત્કારનો આરોપ છે.

રાયના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે રાયે ઘોસી લોકસભા મતદારક્ષેત્રમાંથી ઉમેદવારી નોંધાવી છે, જ્યાં ૧૯મી મેના રોજ મતદાન યોજાવાનું છે. તેથી રાયને ૨૩ મે સુધી ધરપકડમાંથી રક્ષણ અપાવું જોઇએ.

એફઆઇઆરનું રજિસ્ટ્રેશન એ ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે પ્રતિબંધિત કરતું નથી, એમ બેન્ચે રાયના વકીલને જણાવ્યું હતું.

'ઉત્તર પ્રદેશમાં આગોતરા જામીનની જોગવાઇ નથી. હાઇ કોર્ટે આઠમી મેના રોજ ધરપકડમાંથી રક્ષણની અરજી ખારિજ કરી હતી, તેથી તેમની ધરપકડ થઇ શકે છે,' એમ રાયના વકીલે કોર્ટને જણાવ્યું હતું. વારાણસી કૉલેજની વિદ્યાર્થિનીએ ફરિયાદ નોંધાવી હતી કે પહેલી મેના રોજ રાય તેને તેની પત્નીની ઓળખાણ કરાવવાના બહાને એના ઘરે લઇ ગયો હતો, પરંતુ બાદમાં તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. (પીટીઆઈ) ■

# રાષ્ટ્રીય માર્ગ બંધ થવાથી સફરજનના ખેડૂતોને નુકસાન

*જમ્મુ:* ક્યારેક ભૂસ્ખલનને લીધે, તો ક્યારેક મોટા પથ્થરો પડવાને લીધે અને ક્યારેક સપ્તાહમાં બે દિવસ માટે જ નાગરિકો માટે ખોલવાના કારણસર રાષ્ટ્રીય રાજમાર્ગ વારંવાર બંધ રહેતો હોવાથી આ વખતે જમ્મુ-કાશ્મીરના સફરજનના ખેડૂતોએ એમને નુકસાન થવાની શક્યતા દર્શાવી હતી.

રાજ્યના ખેડૂતોએ માર્ચથી જુલાઇ વચ્ચે સફરજન વેચવા મોકલી શકાય એ માટે રાજ્યમાં નવા બનાવાયેલા કોલ્ડ સ્ટોરેજમાં એ સંઘરી રાખ્યા હતા, પણ ક્યારેક ભૂસ્ખલનને લીધે, તો ક્યારેક મોટા પથ્થરો પડવાને લીધે અને પુલવામામાં સીઆરપીએફના કાફલા પર થયેલા ત્રાસવાદી હુમલા બાદ નાગરિકો માટે સપ્તાહમાં બે દિવસ માટે જ રાજમાર્ગ ખોલવાના નિયમને લીધે સફરજનની ડિલિવરીમાં મોડું થાય છે.

ઑફ સિઝનમાં સફરજન વેચીને વધુ કમાણી કરવાના આશયથી એને કોલ્ડ સ્ટોરેજમાં સંઘરવામાં આવ્યા હતા અને એકંદરે રૂ. ૮૦૦૦ કરોડનો નફો રળવાનો અંદાજ બાંધવામાં આવ્યો હતો.

કન્ટ્રોલ્ડ એટમોસ્ફિયર સ્ટોર્સ એસોસિયેશનના પ્રમુખ માજીદ વાફિએ જણાવ્યું હતું ક આ વર્ષે નફો રળવાની શક્યતા ઓછી જણાય છે. રાજ્યમાં કોલ્ડ સ્ટોરેજની સુવિધાને લીધે ઑફ સિઝનમાં સફરજન વેચીને નફો રળવાની આશા જાગી હતી. ખેડૂતોએ શિયાળામાં સફરજનનો પાક કોલ્ડ સ્ટોરેજમાં સંઘર્યો હતો. શિયાળો પૂરો થતા ૩૬ કલાકની અંદર (વૈજ્ઞાનિક દૃષ્ટિએ સફરજનને તાજા રાખવા જરૂરી સમય) એ માલ દિલ્હી અને અન્ય રાજ્યોમાં રાષ્ટ્રીય રાજમાર્ગ મારફત મોકલવાનો હતો. આટલા દિવસ સુધી હાઇવે બંધ રહેવાનો અર્થ એ છે કે સફરજનનો ભાવ અપેક્ષા કરતાં અડધો જ મળશે.

ગયા વર્ષે ઉત્પાદનના ફક્ત ૨.૫ ટકા માલ જ કોલ્ડ સ્ટોરેજમાં સંઘરવામાં આવ્યો હતો, પણ એથી ખેડૂતોને ઘણો લાભ મળ્યો હતો. ■

# અભયારણ્યના ગુમ હરણોની ભાળ મેળવવા ડ્રોનની મદદ

*ભુવનેશ્વર:* ફોની વાવાઝોડા સમયે પુરી જિલ્લાના અભયારણ્યમાંથી ગુમ થયેલા આશરે ચાર હજાર હરણની ભાળ મેળવવા ડ્રોનનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. પુરી અને કોનાર્ક શહેરની વચ્ચે ૭૨ વર્ગ કિલોમીટર વિસ્તારમાં બાલુખંડ-કોનાર્ક અભયારણ્ય ફેલાયેલું છે. ત્રીજી મેના રોજ ફોની વાવાઝોડાને કારણે પ્રતિ કલાક ૨૦૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો જેમાં આ અભયારણ્યમાંથી હરણો ગુમ થયા હતા, જેની હજી સુધી ભાળ મળી નથી. અભયારણ્યમાં સઘન તપાસ કર્યા બાદ હજી સુધી માત્ર એક જ હરણનું હાડપિંજર મળી આવ્યું છે. અન્ય હરણની કોઇ ભાળ મળતી નથી, એમ વન સંરક્ષણ ખાતાના વડા એ. કે. મોહાપાત્રાએ જણાવ્યું હતું. સામાન્ય રીતે હરણ રાતે બહાર નીકળતા હોય છે, પરંતુ અત્યાર સુધી તેમની દિવસે શોધ કરવામાં આવી હતી, જેમાં તેમને શોધી શકાયા નથી. હવે ડ્રોન કેમેરાની મદદથી તેમની શોધ કરવામાં આવશે, એમ મોહાપાત્રાએ જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે માત્ર એક જ હરણનું હાડપિંજર મળી આવ્યું હોવાથી અન્ય હરણ જીવતા હોવાની આશા છે.

વિનાશક વાવાઝોડાને કારણે આખું અભયારણ્ય ખેદાનમેદાન થઇ ગયું હતુ. તેની વનરાજી પણ નાશ પામી હતી.

કાંઠાના વિસ્તાર માટે આ અભયારણ્ય બફર ઝોનની ગરજ સારે છે, પરંતુ વાવાઝોડામાં તેનો ભારે નાશ થયો છે, એમ એક વન અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■


## 13 वीं पुण्यतिथी पर अश्रुपूर्ण श्रद्धांजली



**स्व. अभिषेक सुभाष खिमावत (जैन) खीमेल**

जन्म : ०६.०८.१९८४ स्वर्गवास : १६.०५.२००६

याद बहुत आती है तेरी, हो जाता है मन उदास,
लगता है आज भी, तुम हो हमारे आसपास,
ऐसे प्यारे बेटे को, हम नमन करते हैं
सपरिवार मिलकर आज श्रद्धासुमन अर्पण करते है।

✤ श्रद्धावनत ✤

दादाश्री: स्व. बाबुलालजी वालचंदजी खिमावत — दादीश्री: पिस्ताबाई बाबुलालजी खिमावत
पिताश्री: सुभाष बाबुलालजी खिमावत — माताश्री: कान्ता सुभाष खिमावत
भाई: आगम बहन : आन्या — बहन-बहनोई : अभिलाषा विशालजी रांका
एवं समस्त खिमावत परिवार

फर्म : डायमण्ड क्रिएशन्स, मुंबई - चैन्नई - कोलकाता

Shatabdi Gaurav


# સીઆરપીએફ જવાન કાશ્મીરમાં વિકલાંગ છોકરાને ખવડાવે છે

*શ્રીનગર:* કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકવાદી હુમલામાં સીઆરપીએફના જવાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. એ જ સીઆરપીએફના કાફલાના જવાને કાશ્મીરી વિકલાંગ છોકરાને પોતાનું ખાવાનું આપીને અર્ધલશ્કરી દળોના સર્વોચ્ચ સેવા એવૉર્ડ માટે બાજી મારી લીધી છે.

હેડ કોન્સ્ટેબલ ઇકબાલ સિંહ વિકલાંગ છોકરાને ખાવાનું ખવડાવી રહ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો હતો, જેને કારણે કાશ્મીરમાં કાર્યરત સુરક્ષા દળોની પ્રશંસા થઇ હતી.

સોમવારે શીખ જવાન શ્રીનગરના નવકડલ વિસ્તારમાં તેનું ભોજન ખાઇ રહ્યો હતો ત્યારે તેણે કાળા રંગના કપડામાં એક છોકરાને બંધ દુકાનની બહાર બેસેલો જોયો જે ભૂખ્યો હોવાનો ઇશારો કરી ખાવાનું માગી રહ્યો હતો. શીખ જવાન તે છોકરા પાસે ગયો અને પોતાના ભોજનનો ડબ્બો તેને આપવા હાથ લંબાવ્યો. જવાનને ખબર પડી કે છોકરાના હાથે પેરાલિસીસ થયો હતો. જવાને છોકરાના ખોળામાં કાગળ મૂકી પોતાનો ડબ્બો મૂક્યો અને છોકરાને ખાવાનું ખવડાવ્યું હતું. ત્યાર બાદ તેણે તેનું મોઢું લુછ્યું અને તેને પાણી પણ પીવા માટે આપ્યું હતું.

સીઆરપીએફે આ ઘટનાની નોંધ લીધી હતી અને જવાનને આદર્શ માનવ હાવભાવ દર્શાવવા બદલ અર્ધલશ્કરી સર્વોચ્ચ સેવા એવૉર્ડ માટે પ્રશંસા અને પ્રમાણપત્ર આપવાનો નિર્ણય કર્યો હતો.

'તંગદિલીના સમયમાં સીઆરપીએફ જવાનો હંમેશાં કાશ્મીરીઓની મદદ માટે તૈયાર હોય છે. મેં પણ આ જ કામ કર્યું છે,' એમ શીખ જવાને રેકોર્ડ કરવામાં આવેલા વીડિયો મેસેજમાં જણાવ્યું હતું. ૧૪ ફેબ્રુઆરીના રોજ આ જ શીખ જવાન સીઆરપીએફના ૭૮ વાહનના કાફલાનું એક વાહન હંકારી રહ્યો હતો ત્યારે તેમની પર હુમલો થયો હતો જેમાં ઘણા જવાનનાં મૃત્યુ થયાં હતાં. શીખ જવાને બચાવ કાર્યમાં મદદ કરી હતી.

'કાશ્મીરના કાર્યરત સશસ્ત્ર દળોને હંમેશાં શંકાની નજરે જ જોવામાં આવતા હોય છે, પરંતુ એ અનુચિત છે. દળોના જવાનમાં પણ માનવતાની ભાવના હોય છે. આ જવાનની ભાવનાને સલામ, એમ પીડીપીના વડા મહેબૂબા મુફ્તીએ ટ્વીટ કર્યું હતું. (પીટીઆઈ) ■